PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૮/ક્વા–૦૨/૧૬–૧૭/ ૭૦૯૬ તા. 30/09/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ક્રિષ્નાબેન પ્રકાશચંદ્ર,
મુરલીધર કોમ્પ્લેક્ષ,
ફ્લેટ નં.–૧૦૪,
લક્ષ્મીવાડી મેઈન રોડ,
રાજકોટ
મો: ૯૭૨૩૬ ૮૪૨૮૬

વિષય :–મીટર બીલીંગ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૭–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૦૮/ક્વા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 3)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, મીલપરા રોડ પેટા વીભાગીય કચેરી,રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૦૮/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૨૨–૦૭–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: ક્રિષ્નાબેન પ્રકાશચંદ્ર,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર શ્રી જયેશભાઈ રમણીકભાઈ આડેસરા હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : મીલપરા રોડ પેટા વીભાગીય કચેરી,રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ)

રજુઆત કરનાર :એન.ડી.પનારા, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૧ રાજકોટ

---

## : હુકમ :

ફરીયાદ : મીટર બીલીગ બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ઘરવપરાશ વીજજોડાણ વાળુ સ્થળ રાજકોટ ખાતે ના લક્ષ્મીવાડી એરીયા મા આવેલ છે. અને ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૨૦૨/૦૩૨૧૭/૬ છે. આ મકાન મા તેઓ જાન્યુઆરી–૨૦૧૪ થી રહેવા આવેલ છે. તા.૧૩–૦૪–૨૦૧૬ ના રોજ તેમના જોડાણ નુ મીટર બદલવવામા આવેલ હતુ. મીટર બદલાવતા સમયે, તેમના જુના મીટર મા છેલ્લા રીડીગ ૧૮૧૭૮ નોધાયેલ હતા. આ મીટર ના છેલ્લા રીડીગ ૧૮૧૭૮ ની નોધણી, જે '' મીટર રીપ્લેસમેન્ટ રોજકામ પેપર નંબરઃ ૫૪૨૨૦૧ તા.૧૩–૦૪–૧૬'' મા, મીટર ઉતારનાર ટેકનીકલ કર્મચારીએ, જે તેઓની સહી મેળવીને કરેલ છે. તેમજ, આ સમયે નવુ મીટર શરૂઆતના ૦૦૦૦૧ યુનીટ થી લગાડવામા આવેલ છે. મીટર બદલાવ્યા બાદ, મીટર પેટી પર, જે મીટર ની વિગતો ની કાપલી લગાડવાની હોય, તે કાપલી મા પણ જુના મીટર ના છેલ્લા રીડીગ ૧૮૧૭૮, અને નવા મીટર ના શરૂઆતના રીડીગ ૦૦૦૦૧, જે મીટર બદલ્યા તા.૧૩–૦૪–૧૬ ની વિગતો સાથે ની નોધવાળી આ કાપલી, હાલ મીટર પેટી પર લગાડવામા આવેલ છે. સદર જોડાણ ની લેઝરશીટ ની નકલ મા પણ, જુના મીટર ના છેલ્લા રીડીગ ૧૮૧૭૮, નવા મીટર ના શરૂઆતના રીડીગ ૦૦૦૦૧ દર્શાવેલ છે. ત્યારબાદ, પીજીવીસીએલ તરફથી અચાનક, તેઓને અગાઉ ના ચડત એવા ૧૦૦૦ યુનીટ નુ રૂ.૭,૧૬૬/૭૭ – નુ, તા.૧૮–૦૬–૧૬ ના રોજ વધારાનુ બીલ આપવામા આવેલ છે. આ બાબતે, તેઓએ પીજીવીસીએલ માથી સ્પષ્ટતા મેળવતા તેઓને જણાયેલ છે કે, તેમના જુના મીટર ની તા.૨૭–૦૪–૧૬ ના રોજ કરાયેલ લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ, પરંતુ તેમા નોધાયેલ છેલ્લા રીડીગ ૧૯૧૭૮ જણાયેલ હતા. આથી, અગાઉ ચેકીગ શીટ મા નોધાયેલ છેલ્લા રીડીગ ૧૮૧૭૮ અને લેબોરેટરી મા જણાયેલ છેલ્લા રીડીગ ૧૮૧૭૮ નો તફાવતીય ૧૦૦૦ યુનીટ અન્વયે નુ, પીજીવીસીએલ તરફથી અરજદાર ને માહે જુન–૧૬ ના રોજ, ૧૧૨૭ યુનીટ ( જુના મીટર મા અગાઉ ના ૧૮૧૫૪ યુનીટ અને લેબોરેટરી મા જણાયેલ ૧૯૧૭૮ યુનીટ = તફાવતીય ૧૦૨૪ યુનીટ તેમજ નવા મીટર મા નોધાયેલ ૧૦૩ યુનીટ = કુલ ૧૧૨૭ યુનીટ નુ ) બીલીગ થયેલ છે. પીજીવીસીએલ ની, સદર વધારા ના ૧૦૦૦ યુનીટ ની જુના મીટર મા થયેલ નોધણી ની બાબત, અરજદાર ને અયોગ્ય જણાયેલ છે. |
| ૧.૨ | આમ, તેમના જુના મીટર ની ચેકીગ શીટ મા નોધાયેલ છેલ્લા રીડીગ, જે ખરેખર યોગ્ય હોય, તેમ છતા, આ મીટર ને સ્થળ પરથી ઉતારી અને લેબોરેટરી મા લઈ જતા સમયે, તેમા જણાયેલ છેલ્લા રીડીગ અન્વયે, જે તફાવતીય ૧૦૦૦ યુનીટ, જે પીજીવીસીએલ ને જણાયેલ છે, તે બાબત અરજદાર શ્રી ને તાંત્રીક રીતે યોગ્ય અને ન્યાયપૂર્ણ અને વ્યાજબી જણાયેલ ન હોય, અરજદારે સદર ૧૦૦૦ યુનીટ ને બીનપાયેદાર ગણાવી, અને તેમની ફરીયાદ ને ન્યાયિક રીતે મુલવવા ની રૂબરૂ ઉપસ્થિત રહીને ફોરમ સમક્ષ વિનંતી કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૨૦૨/૦૩૨૧૭/૬ નુ સવાલવાળુ એલએન્ડજી કંપની નુ મીટર નંબર: ૧૬૪૬૯૪૧, જે તા.૧૩–૦૪–૧૬ ના રોજ, ચેકીંગ શીટ : ૫૪૨૨૦૧ થી, સ્થળ પર થી ઉતારી અને અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા પેપરપેક કરાયેલ હતુ. આ સમયે, જુના મીટર મા છેલ્લા રીડીંગ ૧૮૧૭૮ નોંધાયેલ હતા. તેમજ, જોડાણ નો વીજભાર ૧.૩૮૫ કીવો નો જોડાયેલ હતો. તેમજ, આ દિવસે લગાડવામા આવેલ નવા એચ.પી.એલ કંપની ના મીટર નંબર:'૩૦૯૮૬૬૫ મા શરૂઆતના રીડીંગ ૦૦૦૦૧ હતા. આ મુજબ ની નોંધ, જે અરજદાર શ્રી ની, સહી સાથે ની, તા.૧૩–૦૪–૧૬ ના રોજ ની ચેકીંગ શીટ નં : ૫૪૨૨૦૧ મા છે. |
| **૨.૨** | ત્યારબાદ, ઉપરોક્ત મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતે નુ, સવાલવાળુ જુનુ મીટર, જે તા.૨૭–૦૪–૧૬ ના રોજ અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, પીજીવીસીએલ ની લેબોરેટરી મા ચકાસણી કરવામા આવતા, મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. પરંતુ, તેમા છેલ્લા રીડીંગ ૧૯૧૭૮ નોંધાયેલ હતા. આમ, તા.૧૩–૦૪–૧૬ ના રોજ ની ચેકીંગ શીટ મા, સદર મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીંગ ૧૮૧૭૮ ની નોંધણી અને લેબોરેટરી ચકાસણી તા.૨૭–૦૪–૧૬ ના રોજ સદર મીટર મા જણાયેલ છેલ્લા રીડીંગ ૧૯૧૭૮, એમ ચેકીંગ શીટ અને લેબોરેટરી રીપોર્ટ મા, સદર જુના મીટર મા છેલ્લા રીડીંગ મા જણાયેલ ૧૦૦૦ યુનીટ ના તફાવત ના કારણોસર નુ અરજદાર ને અગાઉ અપાયેલ માહે એપ્રીલ – મે –૧૬ નુ બીલ, જે વધારાના ૧૦૦૦ યુનીટ ની વપરાશ સાથે રીવાઇઝ કરવા યોગ્ય હોવાથી, પીજીવીસીએલ તરફથી અરજદાર ને તા.૧૮–૦૬–૧૬ ના રોજ, સદર રીવાઇઝ બીલ, જે માહે એપ્રીલ – મે –૧૬ નુ રૂ.૭,૮૬૬/૭૭ નુ – રીવાઇઝ બીલીંગ થયેલ છે, તે યોગ્ય છે. ફોરમ કમિટી ની તા.૨૨–૦૭–૧૬ ના રોજ ની મીટીંગ મા, ફોરમ કમિટી તરફથી અપાયેલ સુચના મુજબ, અરજદાર ના સ્થાપન પર તા.૨૨–૦૭–૧૬ ના રોજ રૂબરૂ ઉપસ્થિત રહી અને સ્થળ ચકાસણી કરતા, અરજદાર ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૨૦૨/૦૩૨૧૭/૬ મા, અગાઉ તા.૧૩–૦૪–૧૬ ના રોજ લગાડવામા આવેલ નવા એચ.પી.એલ કંપની ના મીટર મા છેલ્લા રીડીંગ ૨૩૧ જણાયેલ હતા. તેમજ જોડાણ નો વીજભાર ૧.૩૮૫ કીવો જણાયેલ હતો. આમ, નવા મીટર મા, તા.૧૩–૦૪–૧૬ ના રોજ થી તા.૨૨–૦૭–૧૬ ના રોજ સુધી ના ૧૦૧ દિવસ દરમ્યાન ૧૩૦ યુનીટ નોંધાયેલ છે, જે પ્રતિદીન ૧.૨૮૭ યુનીટ ની સરેરાશ દર્શાવે છે. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ના સદર ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૨૦૨/૦૩૨૧૭/૬ નુ,જુના એલએન્ડજી કંપની નુ મીટર નંબર: ૧૬૪૬૯૪૧, ના, અરજદાર ના સ્થાપન પર ના સવાલવાળા એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) પ્રકાર ના મીટર ને જે તા.૧૩–૦૪–૧૬ ના રોજ પીજીવીસીએલ તરફથી બદલાવવામા આવેલ હતુ. આ સમયે, સદર જુના મીટર મા છેલ્લા યુનીટ ૧૮૧૭૮ નોંધાયેલ હોવાની બાબતેની નોંધ, જે મીટર બદલાવનાર એવા પીજીવીસીએલ ના અધિકૃત કર્મચારી તરફથી, અરજદાર શ્રી ની સંમતીદર્શક સહી સાથે, જે પીજીવીસીએલ ની નિયમાધીન રીતે મુકરર થયેલ હોય એવી તા.૧૩–૦૪–૧૬ ના રોજ ની ચેકીંગ શીટ ન.: ૫૪૨૨૦૧ મા કરેલ છે. ત્યારબાદ, સદર જુનુ મીટર પેપર પેક થયેલ હતુ. અને તા.૨૭–૦૪–૧૬ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ, આ સમયે મીટર મા છેલ્લા યુનીટ ૧૯૧૭૮ નોંધાયેલ હોવાની બાબત, જે પીજીવીસીએલ ને જણાયેલ હતી. આમ, સ્થળ ચકાસણી રીપોર્ટ અને લેબોરેટરી રીપોર્ટ મા થયેલ, સદર જુના એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) પ્રકાર ના મીટર મા થયેલ નોંધણી અન્વયે ના, તફાવતીય ૧૦૦૦ યુનીટ ની ગણતરીએ થતી વધારાની રકમ સાથે નુ, સવાલવાળુ રીવાઇઝ બીલ અરજદાર ને અપાયેલ છે. |
| **૩.૨** | સદર કેઈસ મા, અરજદાર ના સ્થાપન પર, વીજકંપની ના અધિકૃત કર્મચારી એ રૂબરૂ ઉપસ્થિત રહીને, અરજદાર શ્રી ના સ્થાપન પર ના સવાલવાળા એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) પ્રકાર ના મીટર ને ઉતારી અને નવુ મીટર લગાડવાની કામગીરી, જે અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા તા.૧૩–૦૪–૧૬ ના રોજ કરેલ છે. આ સમયે, વીજકંપની ના અધિકૃત કર્મચારી એ, અરજદાર ના સ્થાપન પર નુ જુનુ એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) પ્રકાર નુ મીટર, જે તેમા નોંધાયેલ છેલ્લા ૧૮૧૭૮ યુનીટ ની સ્થિતીએ, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા, સ્થળ પર થી ઉતારી અને પેપરપેક કરેલ હતુ. આ તારીખ:૧૩–૦૪–૧૬ ના રોજ વીજકંપની ના અધિકૃત કર્મચારી એ, સદર જુનુ સવાલવાળુ મીટર ઉતારી અને પેપરપેક કરાયા સબબ ની, તેમજ નવુ મીટર લગાડવા બાબતે ની, તથા જોડાણ મા જોડાયેલ વીજભાર વગેરે ની બાબત ની નોંધણી કરવા સબબ ની, કામગીરી જે અરજદાર શ્રી ની જાણકારી હેઠળ, સંપન્ન કરી, અને વીજકંપની ના અધિકૃત કર્મચારીએ, આ તમામ બાબતે ની નોંધ તા.૧૩–૦૪–૧૬ ના રોજ ની ચેકીંગ શીટ નં. :૫૪૨૨૦૧ મા, અરજદાર શ્રી ની સંમતીદર્શક સહી સાથે, નોંધેલ છે. આ ચેકીંગ શીટ નં. ૫૪૨૨૦૧ મા, અરજદાર શ્રી ના સ્થાપન પરથી ઉતારાયેલ અને પેપરપેક થયેલ એવા, સવાલવાળા જુના એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) પ્રકાર ના મીટર મા નોંધાયેલ છેલ્લા ૧૮૧૭૮ યુનીટ બાબત ની નોંધપણ થયેલ છે. |

| | |
|---|---|
| ૩ | આ પ્રકાર ના સવાલવાળા જુના એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) મીટર ની સ્થળ પર ની હૈયાતી સમયે જણાયેલ છેલ્લા યુનીટ ની, અરજદાર શ્રી ની હાજરી મા અને તેની સંમતીદર્શક સહી સાથે ની નોંધણી ની બાબત, જે ખરેખર, આ પ્રકાર ની તાંત્રીક રચના વાળા મીટર મા આખરી ગણાય છે. જેથી, આ પ્રકાર ના મીટર મા, સ્થળ પર ની હૈયાતી સમયે જણાયેલ છેલ્લા રીડીંગ ની સ્થિીતી, અને ત્યારબાદ ની, આ પ્રકાર ના મીટર ને સ્થળ પર થી ઉતાર્યા પછી ની સ્થિીતી મા, ઘણી વખત આવા મીટર ને, સ્થળ પર થી ઉતારવાની, પેપરપેક કરવાની, અને ત્યારબાદ ની એક સ્થળ થી બીજા સ્થળ સુધી ની ફેરવણી સબબ ના વહન ની કામગીરી, અને ત્યારબાદ ના અમુક દિવસો પછી લેબોરેટરી મા, ફેરવણી હેઠળ રખાયા થી માંડી અને લેબોરેટરી ચેકીગ ના ટેબલ સુધી લાવવા સુધી ના સમય દરમ્યાન, આ પ્રકાર ના મીટરો ની આંતરીક મેકેનીક રચના, જો અતિ સામાન્ય ક્ષતિગ્રસ્ત હોય તો તેવા સંજોગો મા પણ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન તેમા નોંધાયેલ છેલ્લા યુનીટ, અને સ્થળ ચકાસણી – એટલેકે મીટર ઉતારતા સમયે નોંધાયેલ છેલ્લા યુનીટ મા વિસંગતતા ઓ ઉભી થવાની પુરી શકયતાઓ રહેતી હોય છે. |
| <u>૩.૪</u> | સદર સવાલવાળુ મીટર કેટલા વર્ષ જુનુ છે? તેમજ, આવા મીટર ની લેબોરેટરી ચકાસણી ની કાર્યવાહી શરૂ કરતા પહેલા, ચેકીગ શીટ મા નોંધાયેલ છેલ્લા યુનીટ રીડીંગ ની સ્થિીતી ધ્યાને લીધા બાદ જ, એટલેકે આવા મીટર મા, લેબોરેટરી ચકાસણી કરતા પહેલા, આવા મીટર મા નોંધાયેલ છેલ્લા યુનીટ, જે ચેકીગ શીટ મા નોંધાયેલ છેલ્લા રીડીંગ ની સરખામણીએ કોઈ વિસંગતતા છે કે? વગેરે બાબતો ને ધ્યાને લઈ ને જ, લેબોરેટરી ચકાસણી કરવાની બાબત યોગ્ય અને વ્યાજબી હોય છે. તેમ છતા, આવા મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીંગ મા જો વિસંગતતા જણાય તો, આ પ્રકાર ના મીટર ની આંતરીક એવી તાંત્રીક રચનાની સ્થિીતી ( જેમકે – ડીઝીટ ડ્રમ, ગીયર, રોટેટીગ ડિસ્ક, પાયવોટ બેરીગ, તેમજ મેગ્નેટ ની સ્થિીતી – વગેરે વગેરે ) પણ લેબોરેટરી ચકાસણી દરમ્યાન જાણવી જરૂરી હોવા છતા, પીજીવીસીએલ પક્ષકાર તરફથી સદર કેઈસ ના મીટર મા, આ મુજબ ની વિગતે ની લેબોરેટરી ચકાસણી થયેલ હોવાની બાબતો ની નોંધ લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા સ્પષ્ટ નોંધાયેલ નથી. આ બાબત, અપુરતી લેબોરેટરી ચકાસણી ને પુરતુ સમર્થન આપે છે. |
| <u>૩.૫</u> | આમ, ઉપરોકત મુદદા નં. ૩.૨ થી ૩.૪ મા વર્ણવેલ વિગતો ને આનુષાંગીક રહેતા, આ પ્રકાર ના એનાલોગ ( મહદઅંશે મીકેનીક પ્રકાર ) મીટર મા, સ્થળ ચેકીંગ શીટ, અને લેબોરેટરી ચકાસણી અહેવાલ મા, જણાયેલ છેલ્લા નોંધાયેલ યુનીટ ની સ્થિીતી અન્વયે જણાયેલ વિસંગતતા ના કારણોસર, અરજદાર શ્રી ને, સદર વિસંગતતા સબબ નુ, સવાલવાળુ ૧૦૦૦ યુનીટ ની ગણતરી એ થતી રકમ નુ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, જે પુરવણીબીલ અપાયેલ છે, તે બીલ ને ફોરમ કમિટી એ, ન્યાયિક અને વ્યાજબી ધોરણ હેઠળ યોગ્ય ઠેરવી અને માન્ય રાખેલ નથી. આવા કારણોસર, સદર ૧૦૦૦ યુનીટ નુ બીલ રદબાતલ કરવા બાબતે નો, પીજીવીસીએલ ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**<u>મુદદા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૫ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને સવાલવાળુ, વધારાના ૧૦૦૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ નુ બીલ રદબાબતલ કરવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

( એમ.એન. ઓઝા )
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

(ટી.બી.ભીમાણી)
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..

D:\6 CIRCLE Q-04 13-14 CIRCLES APPLICATION\U JUDGEMENT\RRC JUDGE\2016\22 JUL 16.doc